## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**મિત્રો આપણે વાવાઝોડા વરસાદથી થનાર સંભાવિત નુકસાનનો અંદાજ લેવાનો છે. તેથી એ ડેટા મેળવો કે ગુજરાતમાં કેટલા લોકોને તરતા આવડે છે...!!**




લાંબા ઉનાળુ વેકેશન બાદ નાના બાળકો શાળાએ જતાં થયા છે. પ્રથમવાર શાળામાં દાખલ થતાં બાળકોને શાળાનુ વાતાવરણ અજાણ્યુ ન લાગે અને તેઓ હસતા રમતા શાળાએ જતાં થાય તે માટે દર વર્ષે જૂન માસના પ્રથમ પખવાડિયામાં શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવે છે. ઈન્દ્રોડાની પ્રાથમિક શાળામાં યોજાયેલા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં મેયર હિતેશ મકવાણા અને સ્થાનિક કોર્પોરેટરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભૂલકાઓને સ્કૂલબેગ અને વૉટરબેગ આપી આવકારવામાં આવ્યા હતા. જ્યારે દાતાઓનુ સન્માન પણ કરવામાં આવ્યુ હતુ.

### ઓવરટેક મુદે બોલાચાલી થતા

# યુવકે પોલીસનો રોફ મારી બેંક મેનેજરને લાફા ઝીંક્યા

ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગર થી અમદાવાદ તરફ જતા માર્ગ પર કોબા નજીક ગાડીની ઓવરટેક મુદ્દે આણંદ રહેતા શખ્સે પોલીસની ઓળખ આપી અમદાવાદ ખાનગી બેંકમાં ફરજ બજાવતા મેનેજર તેમની પત્ની અને સાસુને લાફા મારી ગડદાપાટુનો માર મારતા આણંદના શખ્સ સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. ત્યારે પોલીસના નામે ધમકાવનાર શખ્સ પોલીસ મિત્ર હોવાનું કહી રહ્યો હતો.મળતી વિગત મુજબ સરગાસણ સ્વાગત પેલીકનમાં રહેતા ચિરાગ અશ્વિનકુમાર મકવાણા અમદાવાદ આઈસીઆઈસીઆઈ બેંકમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે સાંજના સમયે ચિરાગભાઈ તેમના પત્ની અને સાસુ સાથે અમદાવાદ જઈ રહ્યા હતા. તે સમયે કોબા નજીક જી.જે. ૨૩.સી.બી.-૯૧૨૦ કાર આગળ જઈ રહી હતી. ચિરાગભાઈએ હોર્ન મારી ઓવરટેક કરી રહ્યા હતા તે દરમિયાન અચાનક આગળ લોંડીગ રીક્ષા હોવાથી બ્રેક મારી હતી. જેથી આણંદના શખ્સે કાર બાજુમાં લાવી કંઈ બોલતો હતો.પરંતુ ચિરાગભાઈની કારના કાચ હોવાથી કંઈ સંભળાયુ ન હતું.જેથી ચિરાગભાઈએ ગાડી સાઈડમાં કરવા માટે ઈશારો કર્યો હતો. જેથી કારના ચાલક ચિરાગભાઈ સાથે બોલાચાલી કરવા લાગ્યો હતો. બેંક મેનેજરે કારમાં મહિલાઓ બેઠી હોવાથી ઝઘડો કરવાની ના પાડી હતી. ત્યારે કાર ચાલકે હું પોલીસ છું, હું બહુ બધુ કરી શકુ છુ કહીને શેખી મારી હતી. ચિરાગભાઈએ ૧૦૦ નંબર ડાયલ કરી પોલીસને બોલાવતા પેલા શખ્સે તેઓને ફેંટ પકડી લાફો મારી દીધો હતો. પ્લાસ્ટીકની લાકડી કાઢી મારવા લાગ્યો હતો. જેથી ચિરાગભાઈના પત્ની અને સાસુએ લાકડી પકડી પાડી મારામારી નહી કરવા જણાવ્યું હતું. તેમ છતા તેણે મહિલાઓ સાથે પણ ઝપાઝપી કરી હતી.જેમાં મેનેજરના સાસુને ઈજા ધોકો વાગ્યો હતો. જયારે આટલે થી નહી અટકેલા શખ્સે મેનેજરના પત્નીને પણ બે લાફા માર્યા હતા. તે સમયે પસાર થઈ રહેલી પીસીઆર વાન ઝઘડો જોઈ ઉભી રહી ગઈ હતી. જેથી તમામ ઈન્ફોસીટી પોલીસ પહોચ્યા હતા. પોલીસ હોવાનો કહી રોફ જાડનાર શખ્સ એકદમ શાંત થઈ ગયો હતો. તેણે પોતાનું નામ દિપેશ ગુલાબચંદ પ્રજાપતિ (રહે શિવપાર્ક સોસાયટી આણંદ વિદ્યાનગર) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# યુવકે મને હથીયાર સાથે કેમ પકડાયો, તેવી શંકા રાખી મિત્રને માર મારી રૂ.૩૫ હજાર પડાવી લીધા

ગાંધીનગર, તા.૧૨

શહેરના ઘ-૨ સર્કલ પાસે ઝેરોક્ષની દુકાન ચલાવતા યુવકને નજીકમાં નોકરી કરતા શખ્સ સાથે પરિચય થયો હતો. ત્યારબાદ પોતાના મિત્રને મળવા માટે આવતા યુવકને આ શખ્સ સાથે પણ પરિચય થયો હતો. ત્યારબાદ યુવકને હથીયારના કેસમાં પકડી પાડ્યો હતો. જેથી યુવકને શંકા હતી કે તેના મિત્રએ તેને પકડાવી દીધો છે. ત્યારપછી ગઈકાલે રાત્રે જમવા લઈ જવાનું કહી યુવકે ઘ-૧ ચેહરમાતાજીના મંદિર નજીક મારામારી કરી હતી. જયારે રૂ.૫ લાખની ખંડણી માંગી બળજબરીથી રૂ.૩૫ હજાર કાઢી લઈ જતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ જીજ્ઞેશ બાલુભાઈ પટેલ (રહે સેકટર-૨ સી મુળ અંકલેશ્વર) છેલ્લા એક દાયકાથી ઘ-૨ પાસે ઝેરોક્ષની દુકાન ચલાવે છે. જયારે આઠ મહિલા પહેલા દુકાનમાં આવતા સમીર સોલંકી (રહે સે-૭ બી )નોકરી કરતો હતો. તેને મળવા માટે તેનો મિત્ર ગૌરવ વાઘેલા આવતો હતો.જેથી જીજ્ઞેશને પરિચય થતા તે પણ મિત્ર બની ગયો હતો.

જયારે ૧૦ માસ પહેલા ગૌરવ વાઘેલાને ગેરકાયદેસર હથીયારના ગુનામાં પોલીસે પકડી પાડ્યો હતો.જેથી ગૌરવને સમીર,જીજ્ઞેશ અને પાર્થે પોલીસને માહિતી આપી પકડાવ્યો હોવાની શંકા હતી. જેથી ગઈરાત્રીએ સમીર, મિતેશ, જીજ્ઞેશ અને પાર્થ તેમજ તેના માતા પિતા જમવા માટે જઈ રહ્યા હતા.

તે સમયે ગૌરવ વાઘેલા તેના ત્રણ મિત્રો સાથે આવ્યો હતો. ત્યારે જમવાનુ કહેતા મિતેશ અને જીજ્ઞેશ તેની ગાડીમાં બેસી ગયા હતા. ઘ-૧ પાસે ચેહરમાતાજી મંદિર પાસે વાતચીત ચાલી રહી હતી.તે સમયે ગૌરવ વાઘેલાએ કહ્યું કે તે કેમ મને પોલીસ જોડે પકડાવી દીધો હતો. તેમ કહી ગાળાગાળી કરી ગાડીમાંથી બેટ કાઢી મારવા લાગ્યો હતો.

જેથી મિતેશે વચ્ચે પડીને જીજ્ઞેશને છોડાવ્યો હતો. ત્યારે ગૌરવે રૂ.૫ લાખ આપ નહી તો ઘરે જવા નહી દઉં કહીને અહીયા જ મારી નાંખવાની ધમકી આપીહતી.

જયારે મિત્ર મિતેશ પાસે રહેલા રૂ.૩૫ હજાર રોકડા ગૌરવ વાઘેલા ખીસ્સામાંથી કાઢી લઈ ગયો હતો. બનાવને પગલે આરોપી ગૌરવ વાઘેલા સામે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.




વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૯ વર્ષ - સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના પૂર્ણ થયા છે. જે અંતર્ગત ગતરોજ કેન્દ્રિય મંત્રી મનસુખભાઈ માંડવીયા અને પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં "વિશાળ જનસભા"નું આયોજન વેજલપુર, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મેયર એ જણાવ્યું હતું કે વીતેલા ૯ વર્ષમાં વિશ્વભરમાં આપણા દેશે એક ગૌરવશાળી ઓળખ બનાવી છે, ત્યારે ભારતને આત્મનિર્ભર-વિકસિત રાષ્ટ્ર બનાવવાના પ્રધાનમંત્રીના લક્ષ્યને સાકાર કરવા આપણે સૌ સાથે મળી યોગદાન આપીએ.

# સ્ત્રી ચેતના દ્વારા ચરેડી આંગણવાડીમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો



સ્ત્રી ચેતના ગાંધીનગર શાખા દ્વારા ગુજરાત રાજ્યના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત ચરેડી ની આંગણવાડીમાં બાળકોને પરંપરાગત કંકુ ચોખાનું તિલક કરીને, આશીર્વાદ સહ પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. બાળકોના શિક્ષણની સાથે તેમનો સર્વાંગી વિકાસ થાય, રમતાં રમતાં શીખે, તે માટે રમકડાની કિટ આંગણવાડીને આપવામાં આવી હતી. બાળકોને બિસ્કીટના પેકેટ્સ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં સ્ત્રી ચેતના ગાંધીનગરની કર્તવ્યનિષ્ઠ બહેનો એ હાજર રહીને બાળકોને સુંદર ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે હર્ષાબા ધાંધલ, વિદ્યાબેન પસારી, ડૉ. નેન્સીબેન ગુપ્તે, રાજેશ્રી કાજલે, કુસુમબેન જોશી તથા મનિષાબેન ત્રિપાઠી હાજર રહ્યાં હતાં. પલ્લવીબેન ગુપ્તે દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

## સર્વ જ્ઞાતિ પસંદગી મેળા જોગ

ગાંધીનગર, તા. ૧૨

જ્યોતિ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સર્વ જ્ઞાતિ માટે પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જે તારીખ ૧-૧૦-૨૩ના રોજ ૧૦.૩૦ થી ૩.૩૦ કલાકે યોજાશે. ૩૫૬/૨, જયનારાયણ વ્યાસ ફાર્મની પાસે, નવા પાલજ ખાતે નિવૃત્ત મામલતદાર છગનભાઈ પરમારના માર્ગદર્શનથી આ શુભકાર્યનું આયોજન કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે મો. ૯૬૩૮૮૬૨૨૪૪૫૨ સંપર્ક કરવા જણાવ્યું હતું.

# ૧૭-૨૨ કટ પાસેથી સ્કોર્પીયોમાંથી વિદેશી દારૂની ૩૬ બોટલ ઝડપાઈ

### પોલીસે બે શખ્સને પકડી પાડી કુલ રૂ.૭.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧૨

શહેરના હાર્દસમા સેકટર-૧૭-૨૨ કટ પાસેથી સ્કોર્પીયો કારમાંથી વિદેશી દારૂની ૩૬ બોટલ સાથે બે શખ્સોને સેકટર-૨૧ પોલીસે પકડી પાડયા છે. પોલીસે કાર અને દારૂ મળી કુલ રૂ.૭.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શહેરના સેકટર-૨૧ પીઆઈ રાકેશ ડામોરની ટીમના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે મહાવીરસિંહ રાણા અને વિપુલ દેસાઈને બાતમી મળી હતી કે પ્રોહીબિશનના ગુનામાં વોન્ટેડ આરોપી છોટાલાલ થાવરામ ડામોર (રહે. સેકટર-૩૦ સરકારી કવાટર્સ) વિદેશી દારૂની હેરાફેરીની પ્રવૃતિઓ કરી રહ્યા છે. સ્કોર્પીયો કાર નં. જી.જે.૩૧.આર.-૦૯૯૫ વિદેશી દારૂ ભરીને ઘ-૫ થી ચ-૫ તરફ જવાની છે. જેને પગલે પોલીસે સેકટર-૧૭-૨૨ પાસે વોચ ગોઠવી હતી. થોડીવાર રાહ જોયા પછી બાતમીવાળી કાર ઘ-૫ તરફથી આવતી દેખાતા પોલીસે કોર્ડન કરી પકડી પાડી હતી. સ્કોર્પીયોમાં ડ્રાઈવર સીટ પર સર્જનકુમાર હેંમતભાઈ ડામોર (રહે ડોડીસરા ગામ તા.ભિલોડા જી અરવલ્લી) અને બાજુમાં વોન્ટેડ આરોપી છોટાલાલ થવારામ ડામોર બેઠો હતો. પોલીસે કારમાં તપાસ કરતા વિદેશી દારૂની ૩૬ બોટલ મળી આવી હતી.જયારે પોલીસે દારૂ અંગે પુછપરછ કરતા કોઈએ જવાબ આપ્યો ન હતો. જેથી પોલીસે ૩૬ બોટલ વિદેશી દારૂ કિં.૧૪,૪૦૦, મોબાઈલ ફોન, તેમજ કાર મળી ને કુલ રૂ.૭.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- આજે આખો દિવસ પવનના સુસવાટાઓએ નગરજનોને ગરમીમાં રાહત આપી હતી.
- ૧૨ જૂનથી ૧૬ જૂન દરમ્યાન જિલ્લામાં હળવાથી ભારે વરસાદનું હવામાન-પૂર્વાનુમાન છે.
- ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઓછુ જણાયુ હતુ.
- સચિવાલય તેમજ જિલ્લાની કચેરીઓમાં આજે મુલાકાતીઓ ઓછા જણાયા હતા.
- જિલ્લાના બે ગ્રામસેવકોને આંકડા મદદનીશ તરીકે બઢતી આપવામાં આવી છે.
- કલોલના રાંચરડા ગામે વાહનોના સાયલેન્સરની ચોરી થયાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે.
- દહેગામની રેવાબા વિદ્યામંદિરમાં એરોબિક્સ અને વૈદિક ગણિતના તાલિમ વર્ગનું આયોજન કરાયુ.
- દહેગામના મોસમપુરા ખાતે ગાડીની ટક્કરે આધેડનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે.
- ગાંધીનગરના ધોળાકુવા ગામે ઘર આગળ ઉભા રહી ફોન કરવા બાબતે યુવક પર હુમલો - સામ-સામે ફરિયાદ નોંધાઈ.
- ગાંધીગરમાં ગાળો ન બોલવાનું કહેતા પિતા-પુત્રએ એક શખ્સ પર ધારીયાથી હુમલો કર્યો.
- આગામી દિવસોમાં વધુ એક સનદી અધિકારી પર શિસ્તભંગની તોળાતી તલવારને લઈ સચિવાલયમાં ગણગણાટ સાંભળવા મળી રહ્યો છે.
- રાજ્ય સરકારે સનદી અધિકારી રજા પર હોય તો તેની જાણ કેબિનેટ મંત્રીને કરવાની રહેશે તેવો પરિપત્ર જારી કર્યો છે.
- યોગ દિવસની ઉજવણી માટે તંત્રએ તૈયારીઓ શરૂ કરી છે અને બેઠકોનો સિલસિલો પણ શરૂ થયો છે.
- ગાંધીનગર શહેરમાં જ પેયજળની ગુણવત્તા અંગે તેમજ તેના ક્લોરીનેશનને લઈ વધુ એક વખત પ્રશ્નાર્થ ઉભો થયો હોવાની વાતો ચર્ચામાં આવી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે પ્રવેશોત્સવ દરમ્યાન વૃક્ષારોપણના કાર્યક્રમો પણ યોજાયા હતા.
- ગાંધીનગર શહેરના દરેક વોર્ડમાં શાળા પ્રવેશોત્સવ દરમ્યાન દરેક બાળકને સ્કુલબેગ આપવાની મેયરની જાહેરાતને પગલે ૨૭૦૦ બાળકોને આજે સ્કૂલબેગ આપવામાં આવી હતી.
- ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સમસ્યા વકરી રહી છે.
- ગુજરાત વૈશ્ય સભા દ્વારા સે. ૭ ખાતે જસવંત ગાંધીના નિવાસસ્થાને રાહતદરે ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ શરૂ થયુ છે.

# પ્રાંતિયા ગામની પ્રાથમિક શાળા ભૂલકાંઓથી ગુંજી ઉઠી

### આદર્શ બુનિયાદી પ્રાથમિક શાળામાં ઉલ્લાસપૂર્વક શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી ઉત્સવ યોજાયો



ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામની આદર્શ બુનિયાદી શાળા ખાતે યોજાયેલા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ ૧માં પ્રવેશપાત્ર ૧૧૧ બાળકોને શાળામાં આવકારવામાં આવ્યા હતા. આ ગામમાં પ્રવેશપાત્ર ૨૪ કુમારો અને ૩૨ કન્યા મળી ૫૬ બાળકોએ આંગણવાડીમાં પ્રવેશ મેળવ્યો હતો જ્યારે ૩૨ કુમારો અને ૧૯ કન્યા મળી ૫૧ ભૂલકાંએ બાળવાટિકામાં અને એક કુમાર તેમજ ત્રણ કન્યા મળી ચાર વિદ્યાર્થીઓએ ધોરણ ૧માં પ્રવેશ મેળવ્યો હતો. આ પ્રસંગે શાળામાં યોજાયેલા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રી કવિતાબેન સંગાડા, અગ્રણી શ્રી અરવિંદસિંહ સોલંકી તેમજ ગામના સરપંચ શ્રી પ્રવીણભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ શ્રીમતી રંજનબેન ઠાકોર, આરોગ્ય અધિકારી સ્નેહાબેન પટેલ અને આચાર્ય શ્રી વિજયભાઈ પટેલે પ્રવેશ મેળવનારા તમામ બાળકોને આશીર્વાદ પાઠવ્યા હતા અને તેમને હર્ષભેર શાળામાં આવકાર્યા હતા.

# કમોસમી વરસાદમાં બાગાયતી પાકોની કાળજી રખવા વિભાગ દ્વારા સુચના

ગાંધીનગર,તા.૧૨

રાજયમાં તા.૧૨ જૂન થી ૧૬ જૂન સુધી કમોસમી વરસાદ અને વાવાઝોડાની આગાહીની સુચના હવામાનખાતા દ્વારા કરવામાં આવેલ છે. જેને ધ્યાનમાં રાખીને ગાંધીનગર જીલ્લામાં બાગાયતી પાકોમાં થતી નુકશાનીને અટકાવવા માટે જિલ્લાના ખેડૂતોને અગમચેતીના પગલાં લેવા જરૂરી બની રહે છે.માટે નાયબ બાગાયત નિયામકશ્રી, ગાંધીનગર દ્વારા બાગાયતી પાકોની ખેતી કરતા ખેડૂત મિત્રોને તૈયાર થયેલ ફળ અને શાકભાજી ઉતારી લેવા તેમજ તૈયાર ખેત પેદાશો સલામત સ્થળે ખસેડી લેવા, બાગાયતી પાકોનો સુરક્ષિત સંગ્રહ કરવો,બાગાયતી પાકોમાં આ સમય ગાળા દરમ્યાન પિયત આપવાનું ટાળવું અને શાકભાજી પાકોની વીણી ટાળવી અથવા આવા વરસાદ પહેલાં વીણી કરી લેવી. લીંબૂ, સીતાફળ, કેળ, પપૈયા તથા જામફળ જેવા ફળ પાકોમાં ટેકા આપવા તથા થડની આજુબાજુ માટી ચઢાવવી. નવીન વાવેતર કરેલ બાગાયતી ફળ પાકને ટેકા આપવા અને કમોસમી વરસાદી પાણીનો યોગ્ય નિકાલ કરવો.મંડપ પધ્ધ્તિથી વાવેતર કરેલ વેલાવાળા પાકોમાં હાર્વેષ્ટીંગ કરવુ. અને શક્ય હોયતો પાન ખેરવી નાખવા.મલ્ચીંગ શક્ય બને તો ભેગુ કરી સંકેલી લેવુ.જુના બગીચા હોય તો ઝાડની છટંણી કરવી જેથી ભારે પવન/વરસાદ દ્વારા થનાર નુકશાની નિવારી શકાય.જો નેટહાઉસ/ગીનહાઉસ બનાવેલ હોયતો શક્ય હોયતો નેટ/પોલી ફિલ્મ ઉતારી લેવી.આગાહી દરમ્યાન કોઇ પણ રાસાયણિક સેન્દ્રીય ખાતરો કે હાર્મોન્સના છંટકાવ કરવા નહિ, વાદળ છાયું વાતાવરણ અથવા વરસાદ પછી તાત્કાલિક ભૂકી છારા જેવા રોગ લાગવાની શક્યતાઓ રહેલી છે. જેના નિયંત્રણ માટે બગીચામાં અવલોકન કરતાં રહેવું અને જરૂર જણાય તો કારબેન્ડેજીમ મેક્રોજેબ અથવા હેકઝાકોનાજોલ ૫% અથવા થાયોફોનાઈટ મીથાઈલ અથવા ટેબસે સલ્ફર ૧૦૦૦ લીટર પાણીમાં ૧ કીલો/૧ લીટર છંટકાવ કરવો તેમજ મધિયો, થ્રીપ્સ અને મગિયો ઈયળ નો ઉપદ્રવ જણાયતો પ્રોફેનો સાયપર ૪૦-૪ ઈ.સી. ૧ લીટર પ્રતિ ૧૦૦૦ લીટર પાણી મુજબ છંટકાવ કરવો. આમ, ઉકત સમયગાળા દરમ્યાન ઉપર મુજબની તમામ આવશ્યક આગમચેતીના પગલાં લેવા તમામ ખેડૂત મિત્રોને અપીલ કરવામાં આવે છે જેથી નુકશાનીને નિવારી શકાય.

# રાયસણ ખાતે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન



ગાંધીનગર,તા.૧૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં જગત જનની માં ઉમિયાના વિશ્વના સૌથી ઊંચામાં ઊંચા મંદિર નિર્માણના સહયોગ અર્થે વિશ્વ ઉમિયાધામ- અમદાવાદ દ્વારા "શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ" નું આયોજન રાયસણ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ અવસરે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી જણાવ્યું હતું કે આસ્થા એકતા અને ઊર્જાનું ધામ એટલે વિશ્વ ઉમિયા ધામ. અખંડ બ્રહ્માંડના અધિપતિ ભગવાન શ્રીકૃષ્ણનો સંદેશ એટલે "શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ". આ અવસરે મેયરશ્રી એ ભગવાન શ્રી કૃષ્ણ અને મા ઉમિયા સૌનું કલ્યાણ કરે એવી પ્રાર્થના કરી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેન જશવંતભાઈ પટેલ, શહેર ભાજપ અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ તેમજ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.